


# દક્ષિણ ગુજરાતની ખ્યાતનામ કન્સ્ટ્રકશન કેમિકલ કંપની

# શીપ્રા

પલ્લવ ખાંડવાળા

સુરતના કન્સ્ટ્રક્શન ક્ષેત્રે ૧૯૮૮નું વર્ષ ઇતિહાસમાં મહત્ત્વના વર્ષ તરીકે ગણી શકાય. આ એ જ વર્ષ છે જ્યારે સુરતનાં બાંધકામ ક્ષેત્રને એક નવી દિશા અને નવી ઓળખ મળી એટલે કે સુરત શહેરમાં કન્સ્ટ્રક્શન ઇન્ડસ્ટ્રીમાં વપરાતાં વિવિધ કેમિકલ્સ પૂરા પાડતી એક કંપની શીપ્રાનો પાયો નંખાયો. જેનો યશ શહેરના અગ્રણી રમેશભાઇ ખાંડવાળા અને તેમના પરિવારને જાય છે.

આજથી ત્રીસ વર્ષ પહેલાં સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્ર ધીરે ધીરે પોતાની પકડ જમાવી રહ્યું હતું. પરંતુ આ ક્ષેત્રે વપરાતાં ખૂબ જ જરૂરી કહી શકાય તેવાં કેમિકલ્સ અંગે આજની તુલનાએ લોકોમાં જાણકારીનો ખૂબ જ અભાવ હતો. કન્સ્ટ્રક્શન કેમિકલના વપરાશ અંગે લોકોને અનેક મુંઝવણો સતાવતી હતી, તેમના મનમાં અનેક પ્રશ્નો હતા. જેના જવાબ આપનાર કોઇ ન હતું. આ સમયે શહેરના એક અગ્રણી રમેશભાઇ ખાંડવાળા આગળ આવ્યા. માર્કેટિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા હોવાના કારણે તેમને લોકોની સમસ્યાઓ અને તેમના પ્રશ્નોનો ખ્યાલ હતો. તેમણે બાંધકામમાં ઉપયોગી એવાં વિવિધ પ્રકારના કેમિકલ ઘર આંગણે પૂરા પાડતી એક કંપની શરૂ કરી. જેનું નામ રાખ્યું શીપ્રા. આ અંગે પલ્લવ ખાંડવાળા જણાવે છે કે, 'શરૂઆતનો સમયગાળો ખૂબ જ કપરો હતો. નાના પાયે શરૂઆત કરી હોવાથી અમને પોતાને પણ અનેક મુશ્કેલીઓ અને બાધાઓ નડી. જેનો અમે હિમ્મતપૂર્વક સામનો કર્યો. અમે જાતે જ માર્કેટિંગ પણ કરતા અને માલની ડિલિવરી પણ. પરંતુ આ બધાંની વચ્ચે સૌથી મોટી ચેલેન્જ લોકોને સમજાવવાની હતી. આ ભગીરથ કાર્યમાં આખો ખાંડવાળા પરિવાર એક સાથે ઊભો હતો. અમે લોકોને બાંધકામમાં મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવતા તથા તેમને સારી અને સાચી સલાહ આપતા. બાંધકામમાં કયા કેમિકલનો કેટલા પ્રમાણમાં અને કઇ રીતે ઉપયોગ થાય તે અંગેની માહિતી શરૂઆતમાં અમે જાતે જ લોકો સુધી પહોંચાડતા. જેના ફળ સ્વરૂપે આજે અમારી કંપની આ મુકામ હાંસલ કરી શકી છે. આજે શીપ્રા કંપની માત્ર સુરત શહેર પૂરતી મર્યાદિત ન રહેતાં તેનું નેટવર્ક વદોડરાથી લઇ વાપી સુધી વિસ્તર્યું છે. કન્સ્ટ્રક્શન કેમિકલ સાથે સંકળાયેલી આ કંપની વોટર પ્રુફિંગ, રિપેર્સ ઓફ બીલ્ડિંગ, નવા બીલ્ડિંગના બાંધકામમાં વપરાતાં કેમિકલ, ટાઇલ્સ ચોંટાડવામાં વપરાતાં કેમિકલ વગેરે જેવી જુદી જુદી સર્વિસિસ પ્રોવાઇડ કરે છે. જ્યાં એક સમયે બધાં કામ જાતે કરવાં પડતાં હતાં ત્યાં આજે શીપ્રા પાસે પોતાના અનુભવી ટેક્નિશનો અને વર્કર્સનો મોટો સ્ટાફ છે. શીપ્રા હેઠળ કેટલાંય લોકોને રોજગારી મળી રહે છે. તેની સાથે આજની તારીખમાં પણ બાંધકામ ક્ષેત્રે ફ્રી એડવાઇઝ આપવાનું કામ શીપ્રા કરે છે.

> **આજે અમારી પાસે પોતાના અનુભવી ટેકનિશ્યન અને વર્કર્સનો મોટો સ્ટાફ છે**

વર્ષ ૨૦૧૬ના અંતમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી નોટબંધી અને તેના ગણતરીના જ મહિનાઓ બાદ લાદવામાં આવેલા જી.એસ.ટી. ના કાયદાએ ભલભલા ઉદ્યોગોની કમર ભાંગી નાંખી. પરંતુ ત્રણ દસકામાં આવા અનેક નાના- મોટા ઉતાર ચઢાવ જોઇ ચૂકેલી શીપ્રા આ સમયે પણ એક વટવૃક્ષની માફક અડીખમ ઊભી રહી. આ અંગે પોતાના અનુભવ શેર કરતા પલ્લવ ખાંડવાળા જણાવે છે કે, ' જી.એસ.ટી. અને નોટબંધીથી અમને નુકસાન નહીં પરંતુ ફાયદો થયો છે. આ જી.એસ.ટી. ની જ અસર છે કે અમારે ત્યાં આવતો બે નંબરનો માલ બંધ થયો છે. અમે જીએસટીનો પોઝિટિવલી સ્વીકાર કર્યો જેનો બેનિફિટ કંપનીને મળ્યો છે.'

ભવિષ્યમાં પણ શીપ્રા ખૂબ જ તેજીથી અને અડીખમ રીતે આગળ વધે તે માટે અગાઉથી જ ફ્યુચર પ્લાન્સ નક્કી કરી દેવામાં આવ્યા છે. ત્રણ દસકા પહેલાં સ્થપાયેલા વેપાર પ્રથાનાં ઉચ્ચ ધોરણોને જાળવી રાખવા અને એક અગ્રણી પ્રોવાઇડર બનવા આ કંપની દ્વારા ૪-એસ નક્કી કરવામાં આવ્યા છે. આ ૪-એસ એટલે સોલ્યુશન, સિસ્ટમ, સર્વિસ અને સેટિસફેક્શન.

વધુ જાણવા QR સ્કેન કરો



I have not failed.I have just found 10,000 ways that won't work. - Thomas Edison